ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ

તા.૦૪/૦૭/૨૦૧૮

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર દ્વારા ખેતપેદાશોના પડતર મૂલ્યના દોઢ ગણા ટેકાના ભાવની જાહેરાત**

-------------

**દેશના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ખેડૂતહિત માટેના આ ઐતિહાસિક અને સંવેદનશીલ નિર્ણય બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને લાખ લાખ અભિનંદન – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક ડબલ કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ કદમ – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**દેશના કૃષિ ક્ષેત્રની ઉન્નતિ માટે ભાજપા સરકાર દ્વારા એક પછી એક ક્રાંતિકારી નિર્ણયો લેવાયી રહ્યા છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ભાજપા સરકારે બીજથી લઈને બજાર સુધી ખેડૂતોની કાળજી લીધી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**કોંગ્રેસના હૈયામાં ખેડૂતો માટે સહેજ પણ હમદર્દી હોય તો કિસાનહિતની આ જાહેરાતને વખોડવાનું પાપ ન કરે તો સારૂં – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ખેડૂતોની વાતો કરતા રાહુલ ગાંધી કે જેને એકર, વીઘા કે ગૂંઠામાં પણ ખબર પડતી નથી તે ખેડૂતોનો શું ઉધ્ધાર કરશે ? – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના કે સૌની યોજના જેવી કિસાનહિતની યોજનાઓમાં પણ કોંગ્રેસે શા માટે હંમેશા રોડા નાખ્યા ? – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને ગુજરાત હિત માટેના સફળ ઈઝરાયેલ પ્રવાસ બદલ ખૂબ ખૂબ અભિનંદન – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા ખેતપેદાશોના ટેકાના ભાવની કરવામાં આવેલી જાહેરાતને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક ડબલ કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ કદમ છે. ખેડૂતોની ઉન્નતિ માટેની સ્વામીનાથન કમિટિની ભલામણોનો સ્વીકાર કરી કૃષિ ક્ષેત્રની ઉન્નતિ માટે ભાજપા સરકાર દ્વારા એક પછી એક ક્રાંતિકારી નિર્ણયો લેવાયી રહ્યા છે. બજેટમાં આપેલા વચનને પૂર્ણ કરતાં આજે

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કેન્દ્રીય કેબીનેટ દ્વારા ખેતપેદાશોના પડતર મૂલ્યના દોઢ ગણા ટેકાના ભાવની જાહેરાત કરવામાં આવી છે. દેશના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ખેડૂતહિત માટેના આ ઐતિહાસિક અને સંવેદનશીલ નિર્ણય બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને લાખ લાખ અભિનંદન.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, દેશના ખેડૂતોની પ્રગતિ, સમૃધ્ધિ અને ખુશહાલી માટે ભાજપા સરકાર હંમેશા કટિબધ્ધ રહી છે. કોંગ્રેસના શાસનમાં છ - છ દાયકાઓ સુધી ખેડૂતો માટે જે કાર્યો નથી થયા તે તમામ ખેડૂતહિત માટેના કાર્યો ભાજપા સરકારે માત્ર ચાર જ વર્ષમાં કર્યા છે. સિંચાઇ માટે હજારો કરોડનું બજેટ હોય કે વર્ષો જુની તમામ સિંચાઇ યોજનાઓને પૂર્ણ કરવાનું કાર્ય હોય, નીમકોટેડ યુરિયા દ્વારા ખેડૂતોને સમયસર સસ્તું ખાતર આપવાની વાત હોય, સોઇલ હેલ્થ કાર્ડ કે પછી પાક વીમા યોજના હોય આવી અનેક કિસાનલક્ષી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા કેન્દ્રની ભાજપા સરકારે બીજથી લઇને બજાર સુધી ખેડૂતોની કાળજી લીધી છે. કેન્દ્ર સરકારના ખેતપેદાશોના પડતર મૂલ્યના દોઢ ગણા ટેકાના ભાવ આપવાના નિર્ણય બદલ ગુજરાતના ખેડૂતો અને ગુજરાતની જનતા વતી કેન્દ્ર સરકારને લાખ લાખ અભિનંદન આપુ છું.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ખેડૂતહિતના આ સૌથી મોટા નિર્ણયને કોંગ્રેસ તેની નકારાત્મક માનસિકતાને લીધે આવકારી નહી શકે પરંતુ જો કોંગ્રેસના હૈયામાં ખેડૂતો માટે સહેજ પણ હમદર્દી હોય તો કિસાનહિતની આ જાહેરાતને વખોડવાનું પાપ ન કરે તો સારૂં. ઉશ્કેરાટ અને વેરઝેરની રાજનીતિ કરનાર કોંગ્રેસને પ્રજાના પ્રશ્નોમાં કે તેના સમાધાનમાં કોઇપણ પ્રકારનો રસ નથી તે પ્રજા જાણે છે. જન્મથી જ કમાન્ડર સુરક્ષા સાથે મોટા થયેલા રાહુલ ગાંધી કે જેને એકર, વીઘા કે ગૂંઠામાં પણ ખબર પડતી નથી, જેને વાવણી, લણણી કે ઉપજ વિશે પણ કોઇ જાણકારી નથી તે ખેડૂતોનો શું ઉધ્ધાર કરશે ? કોંગ્રેસ જનતાને જવાબ આપે, નર્મદા યોજના, સુજલામ સુફલામ યોજના કે સૌની યોજના જેવી કિસાનહિતની યોજનાઓમાં પણ કોંગ્રેસ શા માટે હંમેશા રોડા નાખ્યા ? કોંગ્રેસના સમયમાં ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ શા માટે અપાતું નહોતું ? કોંગ્રેસના સમયમાં શા માટે ટેકાના ભાવે ખરીદી નહોતી થતી? કોંગ્રેસના સમયમાં ખેડૂતોને ખાતર પણ મળતું નહોતુ, ખેતપેદાશોના ભાવ મળતા નહોતા, ખેડૂતોને કોઇપણ પ્રકારની સહાય મળતી નહોતી, આઝાદીના છ - છ દાયકા પછી પણ દેશનો ખેડૂત પોતાને લાચાર અનુભવી રહ્યો હતો. કેન્દ્ર સરકારના આજના આ નિર્ણયથી ખેડૂત અને ખેતી બંને સમૃધ્ધ બનશે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પૂર્ણ કરેલ ઇઝરાયેલ દેશનો પ્રવાસ ગુજરાતના હિતમાં ખૂબ જ સફળ રહ્યો છે. સ્માર્ટ સીટી - સેઇફ સીટી, ડેટા એનાલીસીસ, એડવાન્સ સોફ્ટવેર, સી.સી.ટીવી સર્વેલન્સ, ગ્રીન હાઉસ ટેકનોલોજી, ડીજીટલ ફાર્મીંગ ટેકનોલોજી વગેરે જેવા ક્ષેત્રો માટે ઇઝરાયેલ સાથે કરારો કરવામાં આવ્યા છે. જે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે મહત્વના બની રહેશે. ઇઝરાયેલની સિંચાઇ, ગ્રીન હાઉસ ટેકનોલોજી અને ડીજીટલ ફાર્મીંગ ટેકનોલોજી આગામી સમયમાં ગુજરાતના કૃષિ ક્ષેત્ર માટે ગેમ ચેન્જર સાબીત થશે. ઇઝરાયેલ દ્વારા ડીજીટલ ફાર્મીંગ માટેના ૧૦૦ જેટલા યુનીટ ગુજરાતને ભેટ આપવાની જાહેરાત કરવામાં આવી છે જે આવકાર્ય છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને ગુજરાત હિત માટેના સફળ પ્રવાસ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ